Ansh - Journal of History
A Peer Reviewed International Refereed Journal
E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal for Research in Applied History
Website: www.anshjournal.com

# ભારતીય સંસ્કૃતિની પરંપરા લોક મેળાઓ (ગુજરાતના સદર્ભમાં)

**ડૉદેવું.મોતીભાઈ એચ.**
મદદનીશ પ્રાધ્યાપક; મ,ગ્રામસેવા સંકુલ.દે.
ગૂજરાત વિદ્યાપીઠ સાદરા ,(ગાંધીનગર.)

**પ્રસ્તાવના :**

ભારતીય સમાજ અને સંસ્કૃતિનો ઇતિહાસ અતિ પ્રાચીન છે. પ્રાચીનતાની સાથે સાથે ભારતીય સમાજ અને સંસ્કૃતિમાં નિરંતરતા પણ જોવા મળે છે. પ્રાચીન ભારતીય સંસ્કૃતિ, એનો સમાજ અને સંસ્થાઓ પણ આજે જીવિત છે. એની પરંપરાઓ આજે ભારતીય જીવનમાં વિદ્યમાન છે.[1] ભારતીય સંસ્કૃતિમાં ‘પર્વ અને તહેવારો ભારતની સાંસ્કૃતિક વિવિધતા તથા સામાજિક વિરાસતનો પરિચય છે. ભારતમાં દીપાવલી, હોળી, મોહરમ તહેવાર મનાવવામાં આવે છે. પર્વ, તહેવાર અને મેળાઓ કોઇપણ સમાજના લોક જીવનનું અભિન્ન અંગ છે.[2] લોકસમુદાય અને આદિવાસીઓમાં રોજ બરોજના જીવનમાં મેળો મેળાવડા હર્ષ, ઉલ્લાસની ક્ષણો ઉમેરે છે. નિરાંત અને આનંદના આ દિવસો તેઓને જીવવાનું બળ આપે છે. અને જાતને અભિવ્યક્ત કરવાની તક પણ આપે છે. કદાચ મેળા મેળાવડા એવા સામાજિક-ધાર્મિક પ્રસંગો છે. જયારે વિવિધ પરિવાર અને જાતિના લોકો એકબીજાને મળી, પોતાના અસ્તિત્વન ઓળખ આપે છે.[3] લોક સંસ્કૃતિ નો સર્જક માનવી લોક સંસ્કૃતિમાં બે શબ્દો જોડાયેલા છે. ‘લોક’ અને ‘સંસ્કૃતિ’ લોક અને લૌકિક શબ્દ વેદકાળથી આપણે ત્યાં વપરાતા આવ્યા છે. અહીં લોક સંસ્કૃતિના લોકનો અર્થ માનવસમૂહ જે ખેતી, પશુપાલન, અને તેના આનુષઙ્ગિક ધંધાઓ સાથે સંકળાયેલા છે. પુરાણી પરંપરાઓના પ્રવાહમાં જીવે છે. તેમાં ગ્રામ પ્રદેશોમાં રહેતા અને પર્વતીય વિસ્તારોમાં વસતા વનવાસીઓનો સમાવેશ થાય છે.[4] પ્રાચીન સમયથી ભારતીય સંસ્કૃતિ કૃષિ પ્રધાન હોવાથી પંચાગ, ઋતુઓ અને ખેતીના કામકાજ ની જરૂરિયાતો સાથે ઉત્સવો અને મેળાઓની ઉજવણીનો સમય ઘનિષ્ઠ રીતે સંકળાયેલા છે. સામાન્ય રીતે મેળાઓના આયોજનો ત્રણ વિભગમાં વહેચી શકાય. ચોમાસાની ઋતુમાં, શ્રાવણ ને ભાદરવા માસમાં, પૂર્ણિમા અને અમાસના દિવસોમાં સૌથી વધુ મેળાઓ યોજાય છે.[5]

**મેળાનો અર્થ;**

પ્રાચીન સમયમાં ભિન્ન ભિન્ન સમયે લોકમેળા ભરાતા, દેવ દેવીઓના ઉત્સવો થતાં આ મેળાઓ તેમજ ઉત્સવોની પ્રણાલિકા આજે પણ ચાલુ છે. પ્રાચીન સમયમાં મેળાને 'મહ' કહેતા. 'મહ' શબ્દ 'મખ' શબ્દમાંથી ઉતરી આવ્યો હોય એવું જણાય છે. કારણ કે હરિવંશ પુરાણની કેટલીક હસ્તપ્રતોમાં 'મહ' અને 'મખ' બંને શબ્દો વપરાયા છે. આવા મહ કે મેળાઓની સૂચી પણ પ્રાચીન સાહિત્યમાં મળે છે. એમાં ઇન્દ્રમહ, સ્કંદમહ કે ખંદમહ, રુદ્રમહ, શિવમહ, નાગમહ, જખ્ખમહ, ભૂતમહ, ગિરીમહ, વગેરે ઉત્સવો ભિન્ન ભિન્ન સમયે ઉજવાતા.[6] મેળો એટલે સંસ્કૃતિનું સંગમસ્થાન સંસ્કારોની મિલન ભોમ. ત્યાં આવીને દેગો ચડે અને નાત-જાતના ભેદભાવ વગર સૌને પેટપૂર ખાવા મળે, ત્યાં કથા વાર્તાઓ ચાલે. ઉર્મિઓની અભિવ્યક્તિનું સહિયારું સ્થાન તે મેળો.[7]

ભગવત ગો મંડલ મુજબ મેળો એટલે અંત ઘડીએ છેલ્લો મેળાપ થવો તે, કોઈ ઉત્સવની ઊજવણી નિમિતે ગમ્મત કરવાને ભેગા થયેલા લોકો. મેળો ભરવો એટલે ઘણાં માણસ એકઠા કરવા, ઘણાં માણસો ઉત્સવ કે યાત્રા નિમિતે એકઠા થવા. નક્કી તારીખે અને મુકરર કરેલ સ્થળે ભરાતું વિધવિધ વસ્તુઓનું ગંજાવર બજાર. અગાઉ આવા મેળા આનંદોત્સવ નિમિતે ભરાતા. તે વખતે ફેરિઆ અને વેપારીઓ ઉત્સવ અર્થે આવા લોકસમુદાયનો સંપૂર્ણ લાભ ઉઠાવતા. અમેરીકા અને વિલાયતમાં કેટલાક વિશિષ્ટ પ્રકારના મેળા ભરાય છે. અમેરિકમાં ઉનાળો પુરો થવા આવે અને ખેતરોમાં ખળાં થઇ જાય એટલે દરેક રાજ્યમાં હજારો ખેડૂતો મેળો ભરે છે. મેળાઓમાં ખેડૂતો પોતાના ખેડ, ખાતર,ખેતીના ઓજારો, સારા ઢોરઢાંખર, પાકના નમુના વગેરે રજુ કરે છે.[8] લોક મેળાઓ ગુજરાતના સમગ્ર લોકસમુદાય માટે એક સવિશેષ મહત્વ ધરાવે છે. આ લોકસમુદાયના સીધા, સાદા અને પરિશ્રમ ભરેલા જીવનમાં આનંદ અને ઉત્સાહ પ્રગટાવનાર અવસર આ લોકમેળાઓમાં જ છે. આવા મેળાઓ એમણે મનોરંજન તો પૂરું પાડે જ છે. તદુપરાંત ઘરની બહાર મુક્ત વાતાવરણમાં વિહરવાનો, સમૂહમાં હરવા-ફરવાનો, મહાલવાનો લહાવો પણ આપે છે. પરિચિતોને મળવાનો અને નવા સબંધો બાંધવાનો મોકો પણ આ મેળાઓ જ પુરા પાડે છે.[9]

માનવ જીવનમાં આનંદ, ઉલ્લાસ અને ચેતનાના રંગ છાંટણા નાખી લોક હૈયાને હેલે ચડાવનાર મેળાઓ સદાયે મોખરે રહ્યા છે. મેળો એટલે હળવું-મળવું, પરંપરાગત રિવાજ મુજબ નક્કી કરેલા સ્થળે ભેગા થવું. મેળાઓ પાછળનો હેતુ જીવનને આનંદ થી માણવાનો તથા

જીવનની ઉન્નત અને પરિપૂર્ણ ભાવનાઓનો સાક્ષાત્કાર કરાવવાનો હોય છે. ચોમાસાની ઋતુમાં શ્રાવણ અને ભાદરવા માસમાં પૂર્ણિમા અને અમાસના દિવસોમાં સૌથી વધુ મેળાઓ યોજાય છે.[10] મેળો એ ભક્તિ, શક્તિ, અને સૌંદર્યનો ત્રિવેણી સંગમ છે. લોકઊર્મિની અભિવ્યક્તિનું સહિયારું સ્થાન છે. મેળો માનવીના થાકેલા મનને હળવુંફૂલ બનાવી નવી તાજગી બક્ષે છે.[11] ભારતીય લોકપરંપરામાં ભારતના ભાતીગળ લોકજીવનમાં મેળા માનવજીવનનું પ્રતિબિંબ ઝીલે છે. મેળા લોકજીવનમાં એક અગત્યનું અંગ છે. જીવનમાં ઉત્સવ આનંદ છલકાવનારી એક વિશિષ્ટ લોક પ્રવૃત્તિ છે. મેળાનું મહત્વ કાશ્મીરથી કન્યાકુમારી અને ડિબ્રુગઢ થી દ્વારકા સુધી ભારતમાં એકસરખું જ છે. પરંતુ ગુજરાતના લોકમેળાઓ તેની વિશિષ્ટ લોક સંસ્કૃતિને કારણે અલગ તારી આવે છે.[12] "માનવી સમૂહમાં હળે-મળે તે સમુદાયને સંસ્કૃતમાં '**मेलए** 'કે '**मेलक** ' કહેવાય છે. અમરકોશ' **मेलक सेगमो** 'એવી વ્યાખ્યા કરે છે. મેળામાં ભેગા થયેલા સમૂહનો પરસ્પર સંગ થતાં તેમનો સંગમ થાય. ભાષાઓમાં **मेलक** શબ્દ પરથી 'મેળો' શબ્દ આવ્યો હોય તેવી સંભાવના છે. તેની વ્યુત્પતિ '**मेलक, मेला**', **मेलो** 'એ રીતે થઈ શકે. આચાર્ય શ્રી હેમચંદ્રના' **बन्धलू मेलपाह** 'ની વૃતિમાં' **बन्धल्लो मेलक** 'એમ સમજાવ્યો છે. આ ઉપરાંત 'સહિત' સાથે મળવું એ અર્થમાં '**भेंडी** ,**भेंडी** અને **भेली** 'એવા ત્રણ પર્યાયો આવ્યા છે. સંભવત કે ગુજરાતી શબ્દ '**मेलक-मेली** 'ઉપરથી ઉતરી આવ્યો હોય. મેળા માટેનો અંગ્રેજી શબ્દ 'Fair' લેટિન શબ્દ 'ફોઅપ' (Foire) પરથી બન્યો છે.[13] ગુજરાત સાર્થ જોડણી કોશ પ્રમાણે જોઈએ તો સસ્કૃતમાં '**मेलक**' પ્રાકૃત માં 'મલય' હિન્દી મરાઠીમાં '**मेला**' થાય છે.[14]

**લોકમેળાઓ ગુજરાતના સદર્ભમાં:**

ગુજરાતમાં વર્ષ દરમ્યાન નાના-મોટા મળીને ૧૫૨૧ કરતા વધુ મેળા ભરાય છે. આ મેળાઓ મુખ્યત્વે દેવી-દેવતાઓ, સંતો, મહંતો અને પીરના મેળાઓ હોય છે. એટલે કે મોટાભાગના મેળાઓ ધર્મોત્સવ માટે ઉજવાતા મેળાઓ છે. આજે મનોરંજનના અનેક સાધનો હોવા છતાં લોકોના મનમાંથી લોકમેળાઓ અને લોક ઉત્સવોનું આકર્ષણ જરા પણ ઘટ્યું નથી.[15] રાજ્ય સરકારો દ્વારા પ્રવસ સ્થળોએ મેળાઓનું આયોજન કરવામાં આવે છે. તેમાં પારંપરિક તથા મેળાના વાતાવરણને પુન:જીવિત કરી પ્રવાસનને પ્રોત્સાહિત કારે છે. મેળો એ કોઈ ધાર્મિક ઉત્સવ અથવા સ્થળ થી નહિ જોડાયેલ હોય પણ કોઈ ઐતિહાસિક સ્મારક, પ્રાકૃતિક દૃશ્ય, રમતગમત, તથા આધુનિક મનોરંજનના સાધનો સાથે જોડાયેલ છે. સામાન્ય રૂપમાં જોઈએ તો

આવા અવસર પર શિલ્પકારો એ પોતાની શિલ્પ વસ્તુઓ વેચવા માટે બોલાવવામાં આવે છે. પોતાની કલા હેતુ રાષ્ટ્રીય અથવા રાજ્ય સ્તર નો પુસ્કાર પ્રાપ્ત કરે છે.[16]

લોકમેળા અને ઉત્સવોની વણઝાર લોકજીવનમાં આનંદનો અબીલ ગુલાલ ઉડાડતા ઉત્સવો, તહેવારો અને મેળાઓનું મહાત્મય તો વળી અનેરા પ્રકારનું જ છે. લોક જીવનનું દૈવત એના સાંસ્કૃતિક લોકોત્સવોમાં દૃષ્ટિગોચર થાય છે. હોળી, હલોતરા, મેઘરાજાની છડી, જળઝીલણી અગિયારસ, દરીયાપીરનો ઉત્સવ, ઘોઘરાયનીઘડી, રૂપાલની પલ્લી, રબારીઓનો પુંજ ઉત્સવ, તુલસીવિવાહ, અને અખાત્રીજ જેવા ઉત્સવો પ્રંસગો જોવા મળતી મેરની ઘોડા દોડ, કચ્છના રબારીઓની ઊંટ દોડ, અને ભાલ પંથકના ખેડૂતોની સાંતી ગાડાં દોડ જોનારના રુંવાડા ખડા કરી દે છે. [17]

મેળો ભારતીય સંસ્કૃતિના સામાજિક અને ધાર્મિક પરિવેશને જીવંત કરતું ઉત્તમ માધ્યમ છે. મેળોએ માનવસંસ્કૃતિના પ્રતિબિંબનું પ્રતિક છે. કોઈપણ સમાજ, સંસ્કૃતિ તેની આર્થિક વ્યવસ્થા, ચડતી-પડતીની સમગ્ર ગાથાનું સ્વરૂપ એટલે મેળો. આપણા રોજિંદા રોજબરોજ માળખામાંથી બહાર નીકળી આપણી સામાજિક પ્રવૃત્તિ, ધાર્મિક ભાવના, આર્થિક પરિસ્થિતિ અને વૈજ્ઞાનિક પ્રગતિ આ બધાના સમન્વયનું પ્રતિક આપણને મેળામાં જોવા મળે છે. ગુજરાતમાં આવી સબળ સાંસ્કૃતિક ધરોહરને સાચવી રાખતા આવા કેટલાય વિશિષ્ટ મેળાઓ થાય છે. તેમાં જૂનાગઢ ભવનાથનો-શિવરાત્રિ મેળો, તરણેતર મેળો, શામળાજી મેળો, અંબાજી ભાદરવી પૂનમ મેળો, સિદ્ધપુર કાર્તિક પૂનમ મેળો, ડાકોર મેળો વગેરે ગુજરાતની ભાતીગળ સંસ્કૃતિની પરંપરા સાચવતા વિશિષ્ટ મેળાઓ એ ગુજરાતની લોકસંસ્કૃતિના પ્રતિક સમાન છે. ગુજરાતના પ્રવાસન વિકાસમાં આવા વિશિષ્ટ મેળાઓનું મહત્ત્વનું સ્થાન રહેલ છે. ગુજરાતના મેળાઓમાં વિવિધ વિસ્તારોમાં વર્ષ દરમ્યાન મેળાઓ પ્રાચીન સમયથી ભરાતા આવ્યા છે. તેમાં કેટલાક મેળાઓ મોટા પ્રમાણમાં ભરાય છે અને તેના માટે રાજય સરકાર તથા તંત્ર દ્વારા તેની વ્યવસ્થા પણ કરવામાં આવે છે. આવા મેળાઓમાં જોવા જોઈએ તો અંબાજીનો ભાદરવી પૂનમનો મેળો, શામળાજીનો મેળો, તરણેતરનો મેળો, વૌઠાનો મેળો, નકળંગ નો મેળો, ભવનાથ મહાદેવનો મેળો, પલ્લીનો મેળો, સાદરાનો મેળો, સિદ્ધપુરનો મેળો, કચ્છના મેળાઓ, આદિવાસી વિસ્તારમાં ભરાતા મેળાઓ, ગુજરાતમાં વિવિધ વાર તહેવારે મેળાઓ ભરાતા હોય છે. તેમાંથી કેટલાક મેળાઓ વિશે અહીં ચર્ચા કરીએ.

E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal for Research in Applied History
Website: www.anshjournal.com

તરણેતરનો મેળો: ત્રિનેત્ર (શિવ)નો લોકબોલીમાં અપભ્રંશ થયો તરણેતર. અને તરણેતર તરીકે જાણીતું થયેલું સ્થળ વાસુકિ ની ભૂમિ ગણાય છે. વાસુકિ નાગનું આ મૂળ રહેઠાણ હતું. સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ થી આઠેક કિલોમીટર પર આવેલા ત્રિનેત્રેશ્વર મહાદેવના પ્રાંગણમાં તરણેતરનો મેળો પ્રતિવર્ષ ભાદરવા સુદ ૪-૫-૬ ના રોજ ભરાય છે. ત્યારે ગુજરાત બહારથી પણ લોક ઉમટે છે. ત્રણ દિવસના આ મેળાનો મોટો મહિમા પાંચમનો નો છે. ઋષિપાંચમ.[18] મેળામાં આસપાસના ગ્રામજનો પણ વાદન અને નૃત્યમાં મસ્ત રહે છે. રંગબેરંગી પોશાક ધારણ કરી ઘૂમતા ને રંગ બેરંગી સુશોભિત છત્રીઓ ધારણ કરી સૌરાષ્ટ્રની જાત જાતની જાતિઓ આહીરો, રબારીઓ, કાઠીઓ, ભરવાડો ઉપરાંત લોકો ભાતભાતના ભરત ભરેલા પોશાક પહેરી અહીં એકઠા મળે છે. હુંડો રાસ, દાંડિયા રાસ, છત્રી નૃત્યો, દ્વારા લોક લાગણી વ્યક્ત થતી હોય છે. તરણેતર એટલે લોક જીવનનો ઉમંગ મેળો, રંગમેળો, પ્રણય મેળો.[19]

શામળાજી ખાતે દર વર્ષે કારતક સુદ અગિયારસ થી પુનમ સુધી લોકમેળો ભરાય છે. કારતક સુદ અગિયારસે એટલું બધું માનવ મહેરામણ ઉમંગ અને ઉલ્લાસપૂર્વક ઉમટી પડે છે. કે ચારે બાજુ આનંદ ઉત્સવનું આહ્‌લાદક દૃશ્ય સર્જાય છે. આ દિવસોમાં લાખોની સંખ્યામાં યાત્રાળુઓ મંદિરની મુલાકાતે આવે છે. આદિવાસી ભાઈઓ-બહેનો પણ મોટી સંખ્યામાં મેળો મહાલવા આવે છે.[20] આમ, શામળાજીનો મેળો પણ ગુજરાતના મહત્વના મેળાઓમાં તેનું સ્થાન છે. શ્રાવણ માસ દરમ્યાન સતત સોમવારના અને અમાસના દિવસે પણ લાખોની સંખ્યામાં લોકો આવે છે.

ભાદરવી પૂનમનો અંબાજીનો મેળો: બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકા મથક થી ૨૦ કિ.મી અંતરે ગુજરાતની ઉત્તર સીમાએ અરવલ્લીના ડુંગરોમાં નૈઋત્ય ખૂણામાં આરાસુરના ડુંગરો છે. ત્યાં અંબાજી મુકામે માં અંબાજી માતાજી મંદિર આવેલ છે. અહીં દર વર્ષે આસો સુદ દશમ (૧૦), ભાદરવા સુદ પૂનમ(૧૫), ચૈત્ર સુદ પૂનમ(૧૫) અને કારતક સુદ પૂનમ(૧૫) ના રોજ મેળો ભરાય છે.[21] અંબાજી માતાના મંદિરે ભાદરવી પૂર્ણિમાના મેળામાં લાખોની સંખ્યામાં માઈ ભક્તો આવે છે. મેળામાં આવનાર પ્રવાસીઓ મોટાભાગના પગપાળા ચાલતાં આવે છે. આ ઉપરાંત કેટલાંક લોકો ગુજરાત રાજ્યની માર્ગ વાહનવ્યવહારની બસો અને ખાનગી વાહનો દ્વારા મેળામાં આવે છે. અહી મંદિર સંચાલિત ધર્મશાળા તથા પાણીની પરબની વ્યવસ્થા છે. સેવા ભાવી સંસ્થાઓ તથા ભક્તો દ્વારા વચ્ચે વચ્ચે વિસામો, ગરમ પાણી, ચા, નાસ્તો, જમવાનું, મેડીકલ

સુવિધા જેવા વિવિધ કેમ્પો દ્વારા સેવાની વ્યવસ્થા કરવામાં આવે છે.[22] અંબાજી એ પ્રવાસન રીતે ઘણું વિકસ્યું છે. ગુજરાત રાજ્ય પ્રવાસન ખાતું તથા પવિત્ર યાત્રા ધામ વિકાસ બોર્ડ દ્વારા પ્રવાસન વિકાસ માટે સતત પ્રયત્નો કરી રહ્યા છે.

વડોદરાથી ૫૦ કિ.મી. દૂર ચાંપાનેર પાસે આવેલું પાવાગઢ મંદિર જાણીતી શક્તિપીઠમાની એક શક્તિપીઠ છે. આ જગ્યા પર સતીની છાતીનો ભાગ કપાઈને પડ્યો હતો એવું માનવામાં આવે છે. નવરાત્રિમાં આ સ્થળ પર ભાવિકોની ભીડ વધારે જોવા મળે છે. એક જ પર્વત પર નાનાં-નાનાં મંદિર હોવાનાં કારણે આ જગ્યાનું નામ પાવાગઢ પડ્યું. દર પૂનમના દિવસે અહીં મેળો ભરાય છે. પાવાગઢમાં પ્રવાસીઓ પ્રવાસે આવે છે. અને ત્યાંના સ્થાનિક લોકોનો રોજગાર પ્રવાસન પર આધારિત છે.

વરદાયિની માતા પલ્લી મેળો - વરદાયિની માતાનું મંદિર ગાંધીનગર જિલ્લાના ગાંધીનગર તાલુકાના રૂપાલ ગામે ગાંધીનગરથી ૧૩ કિ.મી અંતરે આવેલ છે. ગાંધીનગર- ગોજારીયા માર્ગ પર આવેલું છે. રૂપાલ વરદાયિની માતાનું પ્રાચીન મંદિર આવેલું છે. વર્તમાનમાં આ સ્થળે નવીન મંદિરનું નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે. વિશાળ જગ્યામાં મંદિર બનાવવામાં આવી રહ્યું છે. વરદાયિની માતાનું સ્થાપન પાંડવોના સમયથી થયેલ છે. વરદાયિની માતા મહાત્મ્ય પુસ્તકમાં ઉલ્લેખ મુજબ પાંડવોએ અહીં માતાજીની સ્થાપના કરેલી અને પછી વિવિધ પુરાણોમાં પણ તેના ઉલ્લેખો આવે છે.[23] આસો-સુદ ૯ સવારથી જ પલ્લી મેળાની તૈયારીની શરૂઆત થઇ જાય છે. આ તૈયારીમાં ગામમાં તમામ કોમના લોકો કોઈપણ જાતના ભેદભાવ વગર ઉમંગથી ભાગ લે છે. વણકર ભાઈઓ પલ્લી માટે ખીજડો કાપે છે. સુથાર ભાઈઓ પલ્લી ઘડે છે. વાળંદભાઈઓ વરખડાના સોટા બાંધે છે. કુંભાર ભાઈઓ કુંડા છાંદે છે. માળી ભાઈઓ ફૂલથી શણગારે છે. તથા માંડવીઓ બનાવીને લાવે છે. મુસ્લિમ પિંજારા ભાઈઓ કુંડામાં કપાસ પૂરે છે. પંચોલી ભાઈઓ માતાજીના નૈવેધ માટે સવા મણનો ખીચડો બનાવે છે. ચાવડા ભાઈઓ પલ્લીની રક્ષા માટે ખુલ્લી તલવારે ઉપસ્થિત થાય છે. ત્રિવેદી ભાઈઓ પલ્લીની પૂજા કરાવે છે. ત્યારબાદ પટેલ ભાઈઓ પલ્લીની આગળ, ચાવડા ભાઈઓ પલ્લીની સન્મુખ મોં રાખી પલ્લીની રક્ષા માટે પાછા પગે પલ્લી યાત્રાના અંત સુધી ચાલે છે. તે દરમ્યાન વાળંદ ભાઈઓ પલ્લીની આગળ મશાલ લઈને ચાલે છે. પલ્લી યાત્રા દરમ્યાન ગામના ૨૭ ચકલાઓ આગળ પલ્લી ઉભી રાખવામાં આવે છે. જ્યાં લાખો ભક્તો, લાખો કિલો ઘીનો અભિષેક કરે છે. આમ, સવારે પલ્લી માતાજીના

મંદિરની સામે બનાવેલ પલ્લી મંદિરમાં પરત આવે છે. ત્યારબાદ માતાજીની તથા પલ્લીની આરતી કરવામાં આવે છે. આમ, પલ્લી યાત્રા પૂર્ણ થાય છે.[24] પલ્લી મેળામાં ૧૦ લાખ કરતા વધુ લોકો આવે છે. ગુજરાત રાજ્ય સરકાર તથા વરદાયિની માતા ટ્રસ્ટ દ્વારા વિવિધ સગવડો ઉપલબ્ધ કરવામાં આવે છે. તેમાં સરકાર દ્વારા સમગ્ર પલ્લી મેળા દરમ્યાન પોલીસ બંદોબસ્ત તથા કોઈ ઘટના ન બને તેના માટે પૂરતી વ્યવસ્થા કરવામાં આવે છે. પલ્લી મેળામાં મોટા પ્રમાણમાં પલ્લી પર ઘી નો અભિષેક કરવામાં આવે છે. લાખો શ્રદ્ધાળુઓ પોતાની મનોકામના પૂર્ણ કરવા બાધા રાખે છે. ઘી ની અને ઘીના અભિષેક પલ્લીના મેળા દરમ્યાન પલ્લી પર અભિષેક કરવામાં આવે છે.[25] દર વર્ષે પલ્લી દરમ્યાન શુદ્ધ ઘીનો અભિષેક કરવાની જૂની પરંપરા છે. જેમાં મોટા પ્રમાણમાં ઘીનો અભિષેક કરવામાં આવે છે. પલ્લીના વધતા જતા મહત્ત્વને લઈને દર વર્ષે ભાવિકોની સંખ્યા વધતી જાય છે.[26]

વરદાયિની માતા મંદિર રૂપાલ પલ્લી મેળાના દિવસે લાખોની સંખ્યામાં લોકો આવે છે. આ ઉપરાંત દર માસની પૂનમે પણ મેળો ભરાય છે. નવરાત્રિના નવ દિવસ, દર રવિવાર તથા રજાઓના દિવસો દરમ્યાન શ્રદ્ધાળુઓ મોટી સંખ્યામાં આવે છે. ગાંધીનગર કલોલ હાઈવે પર તથા પાટનગરની નજીક આવેલું હોવાથી વિવિધ સગવડતાઓ અહીં ઉપલબ્ધ છે. પૂનમે તથા પલ્લીના દિવસે પ્રસાદની વ્યવસ્થાનું આયોજન કરવામાં આવે છે.[27] રૂપાલ ગામ હાઈવે પર હોવાથી આવનાર પ્રવાસીઓને વિવિધ સુવિધાઓ મળી રહે છે. એ.ટી.એમ. દેનાબેંક સુવિધા છે. ચા-નાસ્તા, હોટલ સુવિધા છે. આ ઉપરાંત માતાજીના પરિસરમાં લગ્ન પ્રસંગો તથા વિવિધ સામાજિક પ્રસંગોની ઉજવણી પણ કરવામાં આવે છે.[28]

જક્ષણી માતાજીનો સાદરાનો મેળો: સાદરાનો મેળો ધાર્મિક મહત્વ સાથે જોડાયેલો છે. મેળાના દિવસે જક્ષણી માતાના પ્રાંગણ અને સાદરા ગામની બજારે હજારોની સંખ્યામાં યાત્રાળુઓનો માનવ મહેરામણ ઉમટેલો જોવા મળે છે. ભાદરવા મહિનાના બીજા રવિવારે આ મેળો ભરાય છે. ધાર્મિક દૃષ્ટિએ આ મેળો વર્ષોથી ભરાતો આવે છે. વડીલોની રૂબરૂ મુલાકાત દ્વારા જાણવા મળ્યું કે જક્ષણી માતાના મંદિરે વિવિધ જ્ઞાતિના લોકો જેવા કે ચૌધરી, રબારી, ઠાકોર, રાવળ, શીખ, લુહાર, દરબાર, સુથાર, બ્રાહ્મણ, પટેલ વગેરે આવી તેઓ જક્ષણી માતાજીની બાધા રાખે છે. આ ઉપરાંત ચૌલક્રિયાની બાધા (બાબરી) કરાવવાવાળા લોકો આ દિવસે બાધા ઉતારે છે. આ ઉપરાંત દરેક જ્ઞાતિના લોકો અનેક પ્રકારની બીજી બાધા રાખે છે.

E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal for Research in Applied History
Website: www.anshjournal.com

અને તે દિવસે બાધા ઉતારે છે. પહેલા મેળો એક દિવસનો હતો. હવે શનિવારના રાત્રે અને રવિવારના દિવસે મેળો ભરાય છે. મેળાની શરૂઆત ધાર્મિક દૃષ્ટિએ રવિવારના વહેલી સવારે ગામ તથા આજુ-બાજુના ગામના લોકો સ્ત્રી અને પુરુષો જે માતાજીની બાધા રાખે છે. તેઓ આવે છે, બાધા લોકોએ માટે રાખે છે કે તેમના પશુઓ અને પરિવારને  વર્ષ દરમ્યાન કોઈ રોગચાળો ન રહે. લોકો સવારે વહેલા રવિવારે માતાના મંદિરે દર્શન કરવા આવે છે. તે પહેલા નદી કિનારે જઈ વનસ્પતિનું લીલું દાતણ કરી, નદીમાં પાણી હોય તો ત્યાં સ્નાન કરી પ્રથમ માતાજીના દર્શન કરે છે. સવારે વહેલા માતાજીના પ્રાંગણમાં જઈ દાતણ કરવું એ વર્ષોથી પરંપરાગત અવિરત પણે જળવાઈ રહ્યું છે. ખાસ કરીને પશુપાલન કરનાર તથા ખેતી કરનાર ખેડૂતોની સંખ્યા વિશેષ પ્રમાણમાં આવતી જોવા મળે છે. ત્યાં માતાજીને શ્રીફળ, સુખડીનો પ્રસાદ ધરાવવામાં આવે છે. તેમાં રબારી, ચૌધરી સમાજના લોકો તો ફરજીયાત સુખડી અને શ્રીફળ ધરાવે છે. બપોરના ૧૦ કલાકની આસપાસ સાદરા આજુ-બાજુના ગામોના લોકો મેળામાં આવે છે. જક્ષણી માતાના દર્શન કરે છે. અને કેટલાક લોકો પોતાની મનોકામના પૂરી કરવા માટે સંકલ્પ કરે છે. અને તે સંકલ્પ પુરો થાય ત્યારે ફરી વાર માતાજીના દર્શનાર્થે આવે છે. એટલે કે આ મેળો ધાર્મિક દૃષ્ટિએ જક્ષણી માતાના મંદિરે હજારો શ્રદ્ધાળુઓ આવી દર્શનનો લાભ લે છે. જક્ષણી માતાએ વાણિયા જ્ઞાતિના લોકોની કુળદેવી પણ છે. એટલે તે પછી નવરાત્રી આવતી હોવાથી તેમાં આ લોકો ખાસ ઉપસ્થિત રહેતા હોય છે. ધાર્મિક પ્રવાસનની દૃષ્ટિએ સાદરાના મેળાનું મહત્વનું સ્થાન રહ્યું છે.

કચ્છમાં પણ અનેક મેળાઓ પરબ-તહેવારે યોજાય છે. અને તેની વિશિષ્ટ સૌરભ પ્રસરતી રહે છે. વસ્તુત મેળો યોજાય છે. કોઈ આસ્થા કે શ્રદ્ધાના કેન્દ્ર સ્થાને પ્રજા જીવનને બળ અને પ્રેરણા તો ત્યાંથી મળે જ છે. પણ સાથે ભળે છે અનોખો આનંદ અને શુભ તત્વ પ્રત્યેની નિરપવાદ નિષ્ઠા એટલે કે કચ્છના મેળાઓમાં કોમી સંવાદિતતાને અદભુત સમન્વય જોવા મળે છે. હાજીપીર, રૂકશાનાપીર, કારોલ પરથી માંડી મેકણદાદા, જેસલ તોરણ, રમદેપીર ના મેળાઓમાં અનોખો સંસ્કૃતિ સંગમ દૃષ્ટિગોચર થાય છે. અહીં વિવિધ જાતિઓ જાણે આ ભૂમિના લોક સાગર તીરે એક મંત્ર, એક તંત્ર થઈને ઉભું રહે છે.[29] કચ્છના મેળાઓમાં નારાયણ સરોવર, વરણુંદાદા, મેકણદાદા, હાજીપીર, રૂકશાનાપીર, જેસલ તોરણ, રાવળપીર, રવેચી, સાંગવારી માતાજી, મોટા યક્ષ, રામદેપીર, હબુચમાતાજી, લોલાશાનો મેળો, ગુરુદત્ત મેળો, હિંગરિયા,

માઈનો મેળો, શિવરાત્રીના મેળા, સાતમ-આઠમના મેળાઓ, ભુજિયાનો મેળો, ભાદરવાના મેળાઓ વગેરે મેળાઓ કચ્છમાં ભરાય છે.

ગુજરાતના વિવિધ આદિવાસી વિસ્તારમાં વિવિધ મેળાઓ ભરાય છે. તેમાં જોઈએ તો દાહોદ વિસ્તારમાં આમળી અગિયારસનો મેળો ચોસાલ, હોળીનો મેળો રંધીકપુર, ચુલનો મેળો રણીયાર, ગોળ ગધેડાનો મેળો જેસાવાડા, અખાત્રીજનો મેળો રતનમાળ, જન્માષ્ટમીનો મેળો સંજેલી, દશેરાનો મેળો દેવગઢ બારીયા વગેરે મેળાઓ ભરાય છે. ચાડીયાનો મેળો, અગ્નિદેવની બાધા, લાવડી ખેચવનો મેળો, શ્રદ્ધાનો મેળો, ગણદેવનો મેળો, હોળીનો મેળો, દિવાળીનો મેળો, ડાંગ દરબારનો મેળો, ગુણભાંખરીનો ચિત્ર વિચિત્રનો મેળો, ભાંખરનો આગિયાવીર વૈતળનો મેળો, પાલોદરનો ચોસઠ જોગણીઓનો મેળો, માધવપુરનો મેળો, વગેરે મેળાઓના ગુજરાતના વિવિધ વિસ્તારમાં ભરાતા હોય છે.

**મૂલ્યાંકન:**

આમ, સમગ્ર રીતે જોતા ભારતીય સંસ્કૃતિની વિવિધ પરંપરાઓ પ્રાચીન સમયથી ચાલી આવે છે. તેવી જ લોક સંસ્કૃતિની પરંપરા એટલે લોક મેળાઓ. લોકમેળાઓ ગુજરાતમાં લોક સમુદાયને આકર્ષે છે. મેળામાં વિવિધ પરિબળો માણસને પરંપરા ટકાવી રાખવામાં અગત્યનું સ્થાન ધરાવે છે. મેળામાં માણસો સિવાય પણ વિવિધ ચીજ વસ્તુઓનું વેચાણ પણ થાય છે. સાથે સાથે સામાજિક, આર્થિક, ધાર્મિક અને સાંસ્કૃતિક દૃષ્ટિએ પણ મેળાઓનું સ્થાન મહત્વનું રહ્યું છે. ગુજરાતમાં વિવિધ લોક સંસ્કૃતિના પાસાઓમાં લોકમેળાઓની પરંપરા વર્ષોથી ચાલી આવતી પરંપરા છે. આજે પણ એટલું જ મહત્વ રહ્યું છે. જેમ જેમ મનોરંજન ના સાધનોનો વિકાસ થતો જાય છે તેમ તેમ મેળાઓમાં પણ એ મનોરંજન સાધનો ઉપલબ્ધ થતાં જાય છે. ઘણા બધા ગુજરાતના મેળાઓ એવા છે કે તેમાં લાખોની સંખ્યામાં માનવ મહેરામણ ઉમટી પડે છે. તેની વ્યવસ્થા સરકાર દ્વારા કરવામાં આવે છે. બસોની સુવિધા, વહીવટ તંત્ર દ્વારા મેળો માણવા આવેલા લોકોને કોઈ મુશ્કેલી ના પાડે તેના માટેની વ્યવસ્થાઓ અને સુવિધાઓ ઉભી કરવામાં આવતી હોય છે. આમ, ભારતીય સંસ્કૃતિ ની પરંપરામાં મેળાનું સ્થાન મહત્વનું રહ્યું છે.

પાદટીપ

1. મુકરજી, રવીન્દ્રનાથ, ભારતીય સમાજ વ સંસ્કૃતિ, વિવેક પ્રકાશન, દિલ્હી, પ્રથમ આવૃત્તિ-૧૯૬૪, પુનઃમુદ્રણ-૨૦૧૧, પૃ.-૩૫૮.
2. શર્મા રાજેશ, ભારતીય સમાજ, કલા ઔર સંસ્કૃતિ, ઈશિકા પબ્લિશિંગ હાઉસ, જયપુર, ૨૦૧૩, પૃ.-૫૩.
3. ભટ્ટ રક્ષા, ગુજરાતની સંસ્કૃતિ – સભ્યતા અને વારસાની શાશ્વત ક્ષણો, માહિતી કમિશ્નર, ગાંધીનગર, ૨૦૧૧, પૃ.-૧૨૭.
4. ઠાકર ધીરુભાઈ (પ્રમુખ સંપાદક), કસ્તુરભાઈ લાલભાઈ વિદ્યાવિસ્તાર ગ્રંથ શ્રેણી-૩, ગુજરાત, ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, અમદાવાદ, ૧૯૯૫, બીજી આવૃત્તિ-૨૦૦૦, પૃ.-૨૩૪.
5. જાદવ જોરાવરસિંહ, ગુજરાતની લોક સાંસ્કૃતિક વિરાસત, માહિતી કમિશ્નર, ગાંધીનગર, ૨૦૧૦, પૃ.-૧૮૦.
6. પટેલ રામુ (પ્રધાન સંપાદક), વેસ્ટર્ન ટાઈમ્સ, ગુજરાત, ૨૦૦૦, પૃ.-૫.
7. પરમાર જયમલ્લ, આપણી લોક સંસ્કૃતિ, ભારતીય સાહિત્ય સંઘ લિમિટેડ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ-૧૯૫૭, બીજી આવૃત્તિ-૧૯૭૬, પૃ.-૨૯૦.
8. ભગવતસિંહજી, ભગવત ગો મંડલ, ભાગ-૮, પ્રવિણ પ્રકાશન, રાજકોટ, પ્રથમ આવૃત્તિ,૧૯૫૪, પુનઃમુદ્રણ-૧૯૮૬, પૃ.-૭૩૭૨.
9. સેદાણી હસુતાબેન, ગુજરાતની લોક સંસ્કૃતિ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ-૧૯૯૪, બીજી આવૃત્તિ-૨૦૧૪, પૃ.-૭૭.
10. રામાનુજ જાગૃતિ, રામાનુજ વી., આપનું ગુજરાત પ્યારું ગુજરાત, નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ, ૨૦૧૭, પૃ.-૧૧૩.
11. જાદવ જોરાવરસિંહ, ઉપરોક્ત, પૃ.-૧૮૭.
12. ઓઝા રશ્મિ હર્ષદરાય, લોક જીવનમાં મેળાનું મહત્વ, પથિક, અંક-૧૨, ૨૯ સપ્ટેમ્બર,૧૯૯૯, પૃ.-૧૧.
13. એજન, પૃ.૧૧.
14. સાર્થ ગુજરાતી જોડણી કોશ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, ૧૯૯૮, પૃ.-૬૭૯.

15. બ્રહ્મભટ્ટ આલાપ, ગુજરાતની આદિવાસી સંસ્કૃતિ, માહિતી કમિશ્નર, ગુજરાત રાજ્ય, ગાંધીનગર, ૨૦૧૪, પૃ.-૮૬.
16. સુરજીતસિંહ, પર્યટન કે સિદ્ધાંત, રાવત પ્રકાશન, દિલ્લી, ૨૦૧૨, પૃ.-૨૧૭.
17. ઠાકર ધીરુભાઈ (મુખ્ય સંપાદક), ઉપરોક્ત, પૃ.-૨૪૦.
18. ઓઝા દિગંત, ગૌરવભૂમિ ગુજરાત, નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ, ૨૦૧૦, પૃ.-૧૫૬-૧૫૭.
19. ઠકાર મિનાક્ષી, તીર્થભૂમિ ગુજરાત, નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ, ૨૦૦૨, પૃ.-૪૪.
20. એજન, પૃ.૧૧૨.
21. પટેલ સુરેશભાઈ સી., બનાસકાંઠા જિલ્લાના મહત્વના લોકમેળાઓ- એક ઐતિહાસિક અધ્યયન, ડૉ.સુરેશભાઈ સી.પટેલ, પાલનપુર, ૨૦૧૩,પૃ.-૭૩.
22. એજન, પૃ.-૭૭.
23. દવે નટવરલાલ મણિશંકર, શ્રી વરદાયિની મહાત્મય, શ્રી વરદાયિની માતાજી સંસ્થા, રૂપાળ, ગાંધીનગર,૨૦૦૧.
24. અરવિંદભાઈ  ત્રિવેદી, મેનેજર, વરદાયિની માતા મંદિર, રૂપાલ, રૂબરૂ મુલાકાત, તા-૬-૧૧-૨૦૧૬.
25. પ્રહલાદભાઈ અંબાલાલભાઈ પટેલ, રૂપાલ, રૂબરૂ મુલાકાત, તા-૬-૧૧-૨૦૧૬.
26. ગુજરાતના મેળા અને ઉત્સવો, માહિતી કમિશનર, ગાંધીનગર, ૨૦૧૪, પૃ.-૪૬.
27. નાગજીભાઈ રામાભાઈ રબારી, રૂપાલ, રૂબરૂ મુલાકાત, તા-૧૭-૭-૨૦૧૬.
28. અતુલકુમાર ભાનુંપ્રસાદ દવે, પુજારી, વરદાયિની માતા, રૂપાલ, રૂબરૂ મુલાકાત, તા-૬-૧૧-૨૦૧૬.
29. ગાંધી વનું, ગૌસ્વામી પ્રાણગિરિ, (સંપાદન-રમેશ સંઘવી), કચ્છના લોક મેળાઓ, વિચારશીલ પ્રકાશન, મુંબઈ, ૧૯૯૩, પૃ.-૪.